# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## શનિવાર, તા.૧૮મી જુલાઈ, ૨૦૨૬

### ૪૦૪.ગૌણ વિધાન સમિતિની બેઠક.

ગૌણ વિધાન સમિતિની બેઠક મંગળવાર, તા.૧૪/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૨.૩૦ કલાકે ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે સમિતિ ખંડ–૩માં મળી હતી.

સમિતિએ ઉક્ત બેઠકમાં ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના એજન્ડા ક્રમાંક: ૧, ઉદ્યોગ અને ખાણ વિભાગના એજન્ડા ક્રમાંક: ૨ અને ૩, શ્રમ અને રોજગાર વિભાગના એજન્ડા ક્રમાંક: ૪, નાણા વિભાગના એજન્ડા ક્રમાંક: ૫ થી ૨૯, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના એજન્ડા ક્રમાંક: ૩૦ અને ૩૧, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના એજન્ડા ક્રમાંક: ૩૨, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના એજન્ડા ક્રમાંક: ૩૩, ગૃહ વિભાગના એજન્ડા ક્રમાંક: ૩૪ અને આદિજાતિ વિકાસ વિભાગના એજન્ડા ક્રમાંક: ૩૫ અને ૩૬ પરની અધિસૂચનાઓની આંતરિક ચકાસણી હાથ ધરી હતી.

સદર અધિસૂચનાઓ પરત્વે સમિતિએ ચર્ચા વિચારણા કરી હતી જે પૈકી એજન્ડા ક્રમાંક: ૨ અને ૩ પરની ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના અંતર્ગત સન ૨૦૧૭ના ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમોને વધુ ઉંડાણથી સમજવા સારૂં તેમજ એજન્ડા ક્રમાંક: ૨૬ થી ૨૯ પરની નાણા વિભાગની અધિસૂચનાઓ દ્વારા ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અને ગુજરાત રાજ્ય વ્યવસાય, વેપાર ધંધા અને રોજગાર વેરામાં જે ફેરફાર થયા છે તે અંતર્ગત કઈ કઈ એવિએશન કંપનીઓ સમાયેલ છે તેની વધુ જાણકારી મેળવવા સારૂં ઉક્ત બંને વિભાગોને સમિતિની આગામી બેઠકમાં બોલાવવાનું નક્કી કર્યું. અન્ય તમામ અધિસૂચનાઓ ચર્ચાને અંતે સમિતિએ મંજૂર રાખી હતી.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય,** | **ચેતન પંડ્યા** |
| **ગાંધીનગર.** | **સચિવ,** |
| | **ગુજરાત વિધાનસભા.** |